# ઈડરમાં ભાઈએ બહેનના દાગીના દબાવી દેતાં ઠગાઈની ફરિયાદ

ઈડર, તા. ૨૮

ઈડર તાલુકાના વેરાબરમાં પિયર ધરાવતા અને હાલમાં દાહોદ જિલ્લાના સંજેલી ખાતે રહેતા બહેન સાથે ગાંધીનગરમાં રહેતા સગા નાનાભાઈએ માતા પાસેથી સોનાના દાગીના લઈ લીધા બાદ પરત ન સોંપતા બહેને નાનાભાઈ વિરૂદ્ધ ઈડરના પોલીસ સ્ટેશનમાં મંગળવારે ઠગાઈ સાથે વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી છે. સગા ભાઈએ બહેનના અંદાજે ૧૪ તોલાના સોનાના દાગીના ઈડરની એક શ્રોફમાં ગીરવે મુકયા બાદ પરત ન આપતા મામલો ગરમાયો છે.

ઈડર પોલીસ સ્ટેશનના સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત અનુસાર ઈડરના વેરાબરમાં પિયર ધરાવતા ગીરીરાજકુમારી ચૌહાણ પોતાના પરિવાર સાથે દાહોદ જિલ્લાના સંજેલી ગામે હાલમાં રહે છે. ગાંધીનગર ખાતે રહેતા તેમના નાનાભાઈ પૃથ્વીરાજસિંહ જયસિંહજી રાઠોડે વર્ષ ૧૯૯૦માં જયારે તેમના માતા વેરાબર ખાતે રહેતા હતા ત્યારે માતા પાસે રહેલા બહેન ગીરીરાજકુમારીના સોનાના દાગીના કોઈ કારણસર પાછા આપવાની શરતે લીધા હતા. જેમાં સોનાની ચાર બંગડીઓ, સોનાના પાયલ નંગ-૨ (જોડ) તેમની સાસરીમાંથી આપેલ દાગીના પૈકી સોનાનું કડુ મળી અંદાજે ૧૪ તોલાના સોનાના દાગીના લીધા હતા. બહેને સાતેક વર્ષ બાદ આ દાગીના પરત માંગતા ભાઈ ખોટા ખોટા વાયદા કરતા હતા.

બહેને દાગીના અંગે માતા સાથે વાત કરતા નાનાભાઈએ આ દાગીના પૈસાની જરૂરત હોઈ ઈડરના એક શ્રોફમાં ગીરવે મુકયાની વાત ધ્યાને આવી હતી. લાંબા સમય બાદ પણ ભાઈ દ્વારા લેવાયેલા સોનાના દાગીના બહેનને પરત ન મળતા તેમણે આ અંગે પતિને જાણ કરી હતી. ગત ડિસેમ્બરમાં પણ દાગીનાની ઉઘરાણી કર્યા બાદ નાનાભાઈએ બહેનને દાગીના પરત ન સોંપતા અંતે થાકી સગાભાઈ વિરૂદ્ધ મંગળવારે ઈડરના પોલીસ સ્ટેશનમાં ઠગાઈ સાથે વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાવી હતી. જે મામલે પોલીસે ગુનો દર્જ કરી લેતા ભાઈ-બહેન વચ્ચે દાગીનાના મામલે મામલો ગરમાયો છે.




## કાણોદરના રેલવે પોલીસ જવાને એવરેસ્ટ બેઝ કેમ્પ સર કર્યો

બનાસકાંઠાના કાણોદર ગામના અને રેલવે પોલીસમાં ફરજ બજાવતા જવાને એવરેસ્ટ બેઝ કેમ્પ સર કરી ૧૪ દિવસમાં ૨૧ હજારથી વધુ ફૂટની ઉંચાઈ સર કરતાં રેલવે પરિવારમાં ખુશીનો માહોલ છવાયો છે. મૂળ કાણોદર ગામના અને હાલ પાલનપુર રેલવે પોલીસમાં ફરજ બજાવતા શબ્બીરઅલી નામના જવાને હિમાલયના સૌથી ઉંચા શીખર પર ૨૧ હજારથી વધુની ઉંચાઈ સર કરી રેલવે પોલીસનો તીરંગો લહેરાવ્યો છે. ઉલ્લેખનીય છે કે શબ્બીરઅલીને બાળપણથી પર્વાતારોહમાં અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી ચુક્યો છે. તેમજ આ યુવકને બાળપણથી જ પર્વતારોહણનો શોખ છે. શબ્બીરઅલીએ એક વર્ષ પહેલા પણ ૨૧ હજારની ઉંચાઈ સર કરી હતી.

# મઉં ગામ પાસે ઈન્દ્રાસી નદી પર બ્રીજ બનાવવા રૂા.૬ કરોડ મંજુર

## અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખના વરદ્ હસ્તે ખાતમુર્હુત કરાયું



ભિલોડા,તા.૨૮

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના મઉં ગામ પાસે ઈન્દ્રાસી નદી ઉપર બ્રીજ બનાવવા રૂા.૬ કરોડ મંજુર કરાતાં મઉં,સુનસર,મુનાઈ ગામના પ્રજાજનો,વાહન ચાલકો, ખેડુતોમા, આજુ-બાજુના વિવિધ ગ્રામ્યવિસ્તારોમાં આનંદની આનંદની લાગણી પ્રસરી છે. અરવલ્લી જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ કાંતીલાલ પારઘીના વરદ્ હસ્તે ઈન્દ્રાસી નદી ઉપરના બ્રીજનું ખાતમુર્હુત કરાયું હતું. ટ્રાયબલ વિભાગના બજેટમાંથી રૂા.૬ કરોડની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે. ઈન્દ્રાસી નદી ઉપરનો બ્રીજ ૭.૫ મીટર પોહોળો અને ૭૨ મીટર લાંબો ઉભો બ્રીજ બનાવવામાં આવશે. ભિલોડા તાલુકાના મઉં, મુનાઈ, સુનસર સહિત વિવિધ ગ્રામ્યવિસ્તારોના પ્રજાજનોની વર્ષોજુની માંગણી સંતોષાતા આનંદની લાગણી પ્રસરી છે.

# પાલનપુરના રાવલ પરિવાર છેલ્લા ૭ વર્ષથી મા-બાપની પ્રતિમા બનાવી પૂજા કરે છે





પાલનપુર, તા. ૨૭

ભૂલો ભલે બીજુ બધુ પણ મા-બાપને ભૂલશો નહિ અગણિત છે ઉપકાર એના એહને વિસરશો નહી. આ વાત મોટાભાગે તમામ લોકોને યાદ છે પણ આ વાતને ચરિતાર્થ કરતો પરિવાર બનાસકાંઠાના પાલનપુરમાં એક નવી રાહ ચીંધી રહ્યોં છે.

બનાસકાંઠાના પાલનપુરના શ્રી રામ ટેકરા ખાતે રહેલ રાવલ પરિવાર છેલ્લા ૭ વર્ષથી પોતાના મા-બાપની તસ્વીર નહિ પરંતુ પ્રતિમા બનાવી કરી રહ્યો છે પૂજા. પહેલી નજરે માન્યામાં ન આવે પણ વાત સાચી છે. પાલનપુર નજીક આવેલા વગદા ગામના રહેવાસી અને વર્ષોથી પાલનપુરમાં સ્થાઈ થયેલા મહેશભાઈ રાવલ પોતાના મા-બાપના અહેસાનોને આજે પણ નથી ભુલ્યા. છેલ્લા ૭ વર્ષથી અવિરતપણે પોતાના મા-બાપની પ્રતિમાને અગરબત્તી, ફૂલહાર અને દીપ પ્રગટાવી પૂજા કરે છે. છેલ્લા ૭ વર્ષથી પોતાના મા-બાપની પૂજાને પગલે આસપાસમાં પણ સન્માનીય સ્થાન હાંસલ કર્યું છે.

આજકાલ સંયુક્ત પરિવારોની ભારતીય સંસ્કૃતિ ભુલાતી જાય છે. સંતાનો મા-બાપથી વિખુટા પડતા જાય છે તેમજ વિભક્ત કુટુંબોની સંખ્યા વધતી જાય છે. ત્યારે મા-બાપની પૂજા કરનારા પુત્રને પગલે આજે આ કુટુંબમાં સંસ્કારોની એક નવી રાહ પેદા થવા પામી છે. આજે આ કુટુંબમાં દીકરી અને સાસુના ભેદભાવ ભુલાઈ ગયા છે તેમજ આવનારા સાતેય જનમ પોતાને મળેલા સંબંધોને યથાવત મળતા રહે તેમ જણાવી રહ્યા છે. તેમજ જે કુટુંબોમાં મા-બાપને યોગ્ય સ્થાન નથી મળતુ તે કુટુંબ ક્યારેય સુખી નથી થતુ.

સામાન્ય રીતે દુનિયામાં ભગવાન, રાજકીય તેમજ વિશેષ પદાર્પણ કરનારા મહાનુભાવોની પ્રતિમાઓ બનાવતી હોય છે. ત્યારે આજે મા-બાપની પ્રતિમા બનાવી રોજ પૂજા કરનારા પુત્ર આવાનારા સમય માટે એક નવી દિશા સમાન છે એમાં કોઈ બે મત નથી.

# સાબરકાંઠા બેંકના ફરજ પરના કર્મચારીના મૃત્યુના વારસદારને નોકરીના ઓર્ડર અપાયા

હિંમતનગર, તા. ૨૭

ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. હિંમતનગરની મણીયોર અને અડપોદરા શાખાના કર્મચારી અનુક્રમે પટેલ કલ્પેશભાઈ એમ. તથા કનુભાઈ એચ. પટેલ ચાલુ ફરજ દરમ્યાન અકાળે મૃત્યુ પામતા બેંકની પોલીસી અન્વયે રહેમરાહે તેઓના વારસદારને બેંકમાં નોકરી આપવાના ભાગરૂપે તા. ૨૪, ૨૫ના રોજ મણીયોર અને રાયગઢ મુકામે બેંકના ચેરમેન મહેશભાઈ એ. પટેલના વરદહસ્તે મૃત્યુ પામેલ કર્મચારીના વારસદાર અનુક્રમે પટેલ સહર્ષકુમાર કે. તથા વિપુલકુમાર કે. ચૌધરીને નિમણૂંક પત્ર આપવામાં આવ્યા તથા આ પ્રસંગે પ્રધાનમંત્રી દ્વારા સામાજીક સુરક્ષા માટેની ત્રણ યોજનાઓ પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વિમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના તથા અટલ પેન્શન યોજના અંગેની વિગતવાર માહિતી આપી યોજનાનો વધુમાં વધુ ગ્રામજનો લાભ મેળવે તે સારૂ આગ્રહ કર્યો હતો. આ પ્રસંગે ઉપસ્થિત ગામના દૂધ, સેવા મંડળના સંચાલકો, ગ્રામજનો તથા સેક્રેટરી તેમજ ધામગમન થયેલ કર્મચારીઓના કુટુંબીજનોની હાજરીમાં કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ સરાહનીય કાર્યને બેંકના બોર્ડ ઓફ ડીરેક્ટર્સશ્રીઓ, સહકારી ક્ષેત્રના અગ્રણીઓએ પણ આવકાર આપેલ છે. જે સાચા અર્થમાં સહકારી ક્ષેત્રમાં સહકારની ભાવના સાબીત થયું છે.

# સસરા-સાળાએ જમાઈ અને તેની માતાને માર મારતા ત્રણ વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૮

વિજયનગર તાલુકાના ખરોલ ગામના ઈસમ તથા તેની માતાને તેના સસરા અને બે સાળાઓએ તું અમારી દિકરીને કેમ રાખતો નથી તેમ કહી અપશબ્દો બોલી ગડદાપાટુનો માર મારતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. જેમાં લીલપુર ગામના પિતા-પુત્ર મળી ત્રણ વ્યકિત વિરૂદ્ધ વિજયનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

વિજયનગરના ખરોલ ગામના જીગ્નેશભાઈ દેવાભાઈ પટેલ લીલપુર ગામના બાબુભાઈ તેજાભાઈ પટેલની દિકરી સાથે સામાજિક રીત-રિવાજ અનુસાર લગ્ન કરવામાં આવ્યા હતા. જેમાં મંગળવારે રાત્રે આઠેક વાગ્યાના સુમારે બાબુભાઈનો દિકરો પિયુષ, આશીષ અને બાબુભાઈ ત્રણેય મળી ખરોલ જીગ્નેશભાઈના ઘરે ગયા હતા અને જીગ્નેશ સાથે તું અમારી દિકરીને કેમ રાખતો નથી તેમ કહી તકરાર કરી અપશબ્દો બોલ્યા હતા. જેમાં જીગ્નેશના મમ્મી નયનાબેન તમે અપશબ્દો ના બોલો તેમ કહી બાબુભાઈ અને તેમના દિકરા પિયુષ અને આશીષને તકરાર કરવા ના પાડી હતી. જેથી ઉશ્કેરાયેલા પિયુષ, બાબુલાલ અને આશીષે જીગ્નેશ અને તેની માતા નયનાબેનને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે જીગ્નેશભાઈએ વિજયનગર પોલીસ મથકમાં પોતાના સસરા બાબુભાઈ અને સાળા પિયુષ અને આશીષ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# પ્રાંતિજમાં બંદુકની અણીએ ૧.૩૭ લાખની દિલધડક લુંટ

## સોના-ચાંદીના વેપારીને પોલીસ સ્ટેશન સામે બે અજાણ્યા બાઈકસવારોએ બંદુક બતાવી લુંટ ચલાવી





પ્રાંતિજ, તા. ૨૮

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ સર્વિસરોડ ઉપર પોલીસ સ્ટેશનની સામે બંદુકની અણીએ રૂ. ૧.૩૭ લાખના સોના-ચાંદીના દાગીના ભરેલી બેગની લુંટ કરી બે બાઈક સવાર ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી છે.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ બજારચોકમાં શ્રીજી જ્વેલર્સના માલિક ભુમેશભાઈ હસમુખભાઈ પરીખ કે જેવો પોતે રાત્રીના આઠ કલાકે પોતાની જ્વેલર્સની દુકાન બંધ કરીને પોતાના ઘરે એકટીવા ઉપર તેમના નોકરને બેસાડીને જઈ રહ્યા હતા તે સમયે તેમની પાછળ બે પલ્સર બાઈક ચાલકો આવીને તેમને એકટીવા સાથે નીચે પાડ્યા હતા અને બંદુર બતાવી દાગીના ભરેલ બેગ માંગી હતી અને બેગ લઈને ભાગી ગયા હતા. જ્યારે તેવો એકદમ ગભરાઈ ગયા હતા અને તેઓ અને તેમની પાછળ બેઠેલ નોકર અંકિત પડી જવાથી બન્ને પગે ઈજાઓ પહોંચી હતી અને નોકર પણ બંદુક જોતા ગભરાઈને ઘટનાસ્થળેથી ભાગ્યો હતો. જ્યારે આ વાત વાયુવેગે પ્રસરી જતા તેમના સગાસંબંધીઓ તથા સોની સમાજના લોકો તેમના ઘરે દોડી આવ્યા હતા.

જ્યારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસને થતા એસ.પી. માલ, એલ.સી.બી. પોલીસ સહિત સ્થાનિક પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી હતી અને લુંટમાં ભોગ બનનાર ભુમેશભાઈ પરીખની પુછપરછ કરી હતી. જ્યારે આ બનાવ બનતા પ્રાંતિજ સોની સમાજમાં સોંપો પડી ગયો હતો અને એકજ દિવસમાં બે જ્વલર્સને નિશાન બનાવતા સોની સમાજ ભયના ઓથારમાં મુકાયો છે. જ્યારે છેલ્લા કેટલાય દિવસથી સતત રાત-દિવસ લુંટ તથા ચોરીના બનાવો બનવા છતાં પોલીસ કુંભકર્ણ નિંદ્રામાં હોય તેવું સ્પષ્ટ પણે જણાઈ આવે છે અને પોલીસ સ્ટેશનની સામે જ આટલી મોટી લુંટને બંદુકની અણીએ લુંટ કરી અજાણ્યા બાઈક સવાર ૧ લાખ ૩૭ હજાર પાનસોના સોના-ચાંદીના દાગીના ભરેલ બેગ લુંટને ભાગી ગયા હતા. જ્યારે પોલીસે શ્રીજી જ્વેલર્સના માલિક ભુમેશભાઈ પરીખની ફરીયાદના આધારે અજાણ્યા લુંટારૂઓની શોધખોળ હાથ ધરી છે.

# ગૌરવ દિવસની ઉજવણી પ્રસંગે મહેસાણા ખાતે ત્રિ-દિવસીય પ્રદર્શન યોજાશે

મહેસાણા, તા. ૨૮

સમગ્ર રાજ્યમાં ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી થઈ રહી છે. ૨૯ એપ્રિલથી ૧ મે દરમિયાન જિલ્લામાં વિવિધ કાર્યક્રમો જેવા કે સ્વચ્છતાની કામગીરી, લોકપયોગી કામોનું લોકાર્પણ, ખાતમુહૂર્ત, આરોગ્ય વિષયક કેમ્પનું આયોજન, વેશભૂષા, વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, સ્કાઉટ ગાઈડ રેલીનું આયોજન, સરકારી કચેરીઓમાં સાફ સફાઈ, વાંચનાલયમાં વાંચન સહિતનું આયોજન થઈ રહ્યું છે.

ગુજરાત ગૌરવ દિવસની ઉજવણી દરમિયાન જિલ્લા માહિતી કચેરી મહેસાણા દ્વારા કચેરીમાં ત્રિ દિવસીય પ્રદર્શનનું આયોજન કરાયું છે. આ પ્રદર્શનનો જિલ્લાની જાહેર જનતા લાભ લઈ શકશે. આ પ્રદર્શન ૨૯ એપ્રિલથી ૧ મે દરમિયાન કચેરી સમય દરમિયાન ખુલ્લુ રહેશે.

# અરવલ્લી જિલ્લામાં કોંગ્રેસ આયોજીત પાણીયાત્રા સંપન્ન

## યાત્રા જિલ્લાના ગામડાઓમાં ફરીને બાયડ, ધનસુરા, મોડાસાના ગ્રામ્ય વિસ્તારમાં ફરી હતી

મોડાસા, તા. ૨૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આયોજીત પાણીયાત્રા અરવલ્લી જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારો



પાણી રેલી સ્વરૂપે કાઢી ગામડાના લોકોને ઉનાળાની સિઝનમાં તેમજ વર્ષ દરમિયાન પડતી પાણીની તકલીફો અને પ્રશ્નો દૂર કરવામાં આવે તે હેતુથી પાણીયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરૂવારે પાણીરેલીનો બાયડ તાલુકાથી પ્રારંભ થયા બાદ આ રેલી ધનસુરા અને મોડાસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ફરીને હિંમતનગર (સાબરકાંઠા) તાલુકામાં પ્રવેશી હતી. આ પાણીયાત્રામાં કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ આયોજીત 'પાણી રેલી'માં જિલ્લાના અગ્રણીઓ અને કાર્યકરોએ મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. હાલ દુષ્કાળના સમયમાં ગામડાના પ્રજાજનો અને પશુઓની હાલત કફોડી બની છે. ગામડાના પ્રજાજનો પીવાના પાણી માટે દર દર ભટકી રહ્યા છે. તેમજ પશુપાલકો પાણીના અભાવે ટળવળી રહ્યા છે ત્યારે ભાજપા સરકાર આમ આદમીની ચિંતા કર્યા વગર ભ્રષ્ટાચાર તેમજ વિવિધ ઉત્સવો અને મનોરંજનના કાર્યક્રમોમાં રચ્યા પચ્યા રહી દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં પાણીની યોગ્ય વ્યવસ્થા ઉભી ન કરી શકતા પ્રજાની હાલત કફોડી બની છે. ત્યારે પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા યોજાયેલી પાણીયાત્રામાં ગ્રામ્ય વિસ્તારમાં પડી રહેલી પાણીની તંગી અંગે પ્રજાજનોના પ્રશ્નોને વાચા આપવા અને હલ કરવા મોટી સંખ્યામાં કોંગ્રેસના અગ્રણીઓ જોડાયા હતા. ગુરૂવારે અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકામાંથી પ્રારંભ થયેલી પાણીયાત્રામાં એ.આઈ.સી.સી.ના ઈર્શાદ મીરઝા, મોડાસા-ધનસુરા તાલુકાના ધારાસભ્ય રાજેન્દ્રસીંહ ઠાકોર, બાયડ-માલપુરના ધારાસભ્ય મહેન્દ્રસીંહ વાઘેલા, તેમની જિલ્લા પંચાયત કોંગ્રેસના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, તાલુકા પંચાયતના સદસ્યો, જિલ્લા પ્રમુખ કમલેન્દ્રસીંહ પુવાર સહિતના કોંગ્રેસના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પાણીયાત્રામાં મેશ્વો ડેમ, માઝૂમ ડેમ, વાત્રક ડેમમાં રહેલા પાણી દ્વારા ગામડાઓના તળાવોમાં પાણી ભરવામાં આવે જેથી કૂવા, બોર રિચાર્જ થાય તો પાણીના સ્તર ઉંચા આવે તેમજ પીવાના પાણી માટે તાત્કાલિક બોર મોટર તેમજ હેન્ડપંપની સુવિધા તેમજ હેડપંપ રીપેરીંગ કરવા અને જે ગામડાઓમાં પીવાના પાણી નથી ત્યાં વહીવટીતંત્ર દ્વારા ટેન્કર દ્વારા પાણી પુરૂ પાડવાની માંગ કરી હતી. પશુઓ માટે લીલા અને સુકા ઘાસચારાની વ્યવસ્થા કરવા પણ તાકીદ કરી હતી.

# સાબરકાંઠા જિલ્લામાં પુરવઠા તંત્રના દરોડા

## મહેતાપુરાના ધાણધા, કાંકણોલ તથા જીઆઈડીસીમાં આવેલ કઠોળ તથા રાઈસ મીલો પર પુરવઠા વિભાગના અધિકારીઓએ સ્ટોકની ચકાસણી કરી : વિકાસ પલ્સ મીલમાં તુવરદાળની વધઘટ જણાતા ૩૯,૦૦૦નો જથ્થો સીઝ

હિંમતનગર, તા. ૨૮

ખુલ્લા બજારમાં કઠોળના વધેલા ભાવથી મધ્યમવર્ગ તથા ગરીબવર્ગના લોકો ખૂબ જ આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવા લાગ્યા છે. તો બીજી તરફ ગૃહિણીઓનું બજેટ ખોરવાતા કઠોળના ભાવોમાં અંકુશ લાવવા માટે સરકાર દ્વારા આકરા પગલા લેવામાં આવે તેવી માંગણી ઉઠતા સરકાર દ્વારા સંગ્રહખોરો સામે કાર્યવાહી કરવાનો નિર્ણય કરાયો છે. સાબરકાંઠા જિલ્લા પુરવઠા વિભાગના અધિકારીઓની ટીમ દ્વારા સોમવારે હિંમતનગરના ધાણધા, કાંકણોલ તથા જીઆઈડીસી વિસ્તારમાં આવેલી રાઈસ મીલો કઠોળ તથા અનાજનો હોલસેલ વેપાર કરતા વેપારીઓની પેઢી તથા ગોડાઉન પર તપાસ કરવામાં આવી હતી. જે દરમિયાન કાંકણોલ નજીક આવેલ વિકાસ પલ્સ મીલમાં તુવરના દાળના જથ્થામાં વધઘટ જણાતા રૂ. ૩૯,૯૦૦ની કિંમતનો તુવર દાળનો જથ્થો સીઝ કરી વધુ તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આ અંગે જિલ્લા પુરવઠા વિભાગના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ છેલ્લા બે મહિનામાં અનાજ, કઠોળ તથા દિવેલા સહિત તેલના ભાવોમાં જબરદસ્ત ઉછાળો આવતા મોંઘવારીના દરોમાં જબરદસ્ત વધારો જોવા મળ્યો છે. કેટલાક સમયથી વધી રહેલા કઠોળના ભાવોને અંકુશમાં રાખવા માટે સંગ્રહખોરી કરતા વેપારીઓ તથા દલાલો સામે આકરા પગલા લેવા સરકાર તરફથી આદેશ કરવામાં આવ્યા છે. આ અંગે વધુ માહિતી આપતા પુરવઠા અધિકારી કલ્પેશ પાટીદારે જણાવ્યુંહતુંકેસરકાર તરફથી સંગ્રહ મર્યાદા લાદવામાં આવતા હવે વેપારીઓ ચોક્કસ મર્યાદામાં કઠોળ, અનાજનો સંગ્રહ કરી શકશે નહિ. જેના પગલે સાબરકાંઠા જિલ્લામાં કઠોળ, અનાજના સંગ્રહ કરતા વેપારીઓના ગોડાઉન તથા વેપારી પેઢીઓ પર તપાસ હાથ ધરવામાં આવી છે. સોમવારે ચીફ સપ્લાય ઈન્સ્પેક્ટર પી.કે. પટેલ, સપ્લાય ઈન્સ્પેક્ટર યશવંત ચૌહાણ, ભરત શાહ સહિતના અધિકારીઓની ટીમ દ્વારા હિંમતનગરના ધાણધા, કાંકણોલ તથા જીઆઈડીસી વિસ્તારમાં આવેલી વિવિધ મીલોમાં તથા ગોડાઉનમાં ચકાસણી કરી વેપારીઓ દ્વારા સંગ્રહ કરવામાં આવેલા અનાજ, કઠોળના જથ્થાની ચકાસણી કરવામાં આવી હતી. જે દરમિયાન કાંકણોલ નજીક આવેલ વિકાસ પલ્સ મીલ તથા ધાણધા વિસ્તારમાં આવેલી રાજા પલ્સ મીલમાં તપાસ કરવામાં આવી હતી.

જે દરમિયાન વિકાસ પલ્સ મીલમાં દાળના જથ્થામાં હિસાબી વધઘટ જોવા મળતા રૂ. ૩૯,૯૦૦ની કિંમતનો તુવર દાળનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. આગામી દિવસમાં અનાજ, કઠોળનો સંગ્રહ કરતા સંગ્રહખોરો વિરૂદ્ધ સપ્તાઈપૂર્વકના પગલા ભરવામાં આવશે તેમ વધુમાં તેમણે જણાવ્યું હતું.